For live updates : **Like** /Gujaratmitra | **Follow** /Gujaratmitra | /Gujaratmitr | **Subscribe** /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

જ્યાં ચૂંટણી નથી ત્યાંના શ્રમિકોની હાલત

24 કલાક ઊભા રહ્યા છતાં દંડા

ટિકિટ ખરીદી છતાં સીટને બદલે લાઠી

બંગાળ માટે એસી ટ્રેન

ભાજપના કાર્યકરોની હાજરી

ટ્રેનને હારતોરા કરાયા

પ્રજાને કન્ફર્મ ટિકિટ મળતી નથી, ત્યારે રાજકીય પક્ષો માટે આખી ટ્રેનો રાતોરાત કેવી રીતે ફાળવી દેવામાં આવે છે?

શ્રમિકોને દંડા, જ્યારે મતદારો માટે ફ્રી એસી ટ્રેન

એક તરફ શ્રમિકોને શ્વાસ લેવાની તકલીફ પડતી હતી તો બીજી તરફ બંગાળના મતદારો માટે વાતાનુકુલિત ટ્રેન

જેમણે ટિકિટ ખરીદી છે અને કલાકો લાઇનમાં ઊભા રહે છે તેવા શ્રમિકોને સીટ આપવાના બદલે લાઠીચાર્જ

સુરત : રવિવારે યુપી, બિહાર અને ઓડિશા જતાં 24-24 કલાકથી પાણી વગર લાઇનમાં ઊભા રહેલા શ્રમિકો પર પોલીસે દંડા વરસાવ્યા હતાં. તો સોમવારે મતદારો માટે બંગાળ જવા ફ્રી એસી ટ્રેનની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેના કારણે રેલવેના બેવડા ધોરણનો પર્દાફાશ થયો છે. બંગાળ માટેની સ્પેશિયલ ટ્રેન કોઇ

...અનુસંધાન પાના 5 પર

રેલવે GMએ અધિકારીઓનો ઉધડો લીધો

વધારાના રેક સ્ટેન્ડબાય રાખવા કડક આદેશ

સુરત : સુરત ઉધના રેલ્વે સ્ટેશન પર 19 એપ્રિલના રોજ સર્જાયેલી માનવ મહેરામણની અનિયંત્રિત પરિસ્થિતિ અને મુસાફરોની ભારે હાલાકી બાદ રેલવે વહીવટી તંત્રમાં દોડધામ મચી ગઇ છે. આ ગંભીર ઘટનાને પગલે રેલવે બોર્ડ અને પશ્ચિમ રેલવે હરકતમાં આવ્યું છે. પરિસ્થિતિની ગંભીરતાને પારખીને પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર (GM) રામશ્રય પાંડેએ 20 એપ્રિલના રોજ અચાનક ઉધના સ્ટેશન ની મુલાકાત લઇ નિરીક્ષણ કર્યું હતું. તેમની સાથે DRM પંકજ સિંહ સહિતના ઉચ્ચ અધિકારીઓનો કાફલો પણ હાજર રહ્યો હતો.જીએમ રામ શ્રય પાંડેએ સ્ટેશનના પ્લેટફોર્મ, એન્ટ્રી-એક્ઝિટ પોઇન્ટ અને ટિકિટ બારીઓનું બારીકાઇથી નિરીક્ષણ કર્યું હતું. 19 તારીખે સર્જાયેલી અફરાતફરી ફરી ન સર્જાય તે માટે તેમણે અધિકારીઓને ખખડાવ્યા હતા અને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, "મુસાફરોની સુરક્ષા અને સરળ અવરજવર એ અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે, તેમાં કોઇ પણ પ્રકારની બેદરકારી ચલાવી

...અનુસંધાન પાના 5 પર

GM દ્વારા જારી કરાયેલા કડક દિશાનિર્દેશો

1 વહેલી સવારનું આયોજન: મુસાફરોને કાળઝાળ ગરમી અને લૂથી બચાવવા માટે મહત્તમ ટ્રેનો રાત્રે અથવા વહેલી સવારે 6 થી 7 વાગ્યા સુધીમાં રવાના થાય તેવું શિડ્યુલ ગોઠવવા આદેશ આપ્યો છે.
2 સ્ટેન્ડબાય ટ્રેન રેક: અચાનક ભીડ વધે તેવી સ્થિતિમાં મુસાફરો અટવાય નહીં તે માટે વધારાની ટ્રેન રેકને 'સ્ટેન્ડબાય' રાખવા જણાવ્યું છે, જેથી તાત્કાલિક સ્પેશિયલ ટ્રેન દોડાવી શકાય.
3 વધારાની ટિકિટ બારીઓ: ટિકિટ માટે પ્લેટફોર્મની બહાર લાંબી લાઇનો ન લાગે અને ભીડ એકઠી ન થાય તે માટે તાત્કાલિક અસરથી વધારાના ટિકિટ કાઉન્ટરો શરૂ કરવા સૂચના અપાઈ છે.
4 પીવાનું પાણી અને સુવિધા: સ્ટેશન પર મુસાફરો માટે પીવાના શુદ્ધ પાણીની પર્યાપ્ત વ્યવસ્થા અને શૌચાલયોની સફાઇ બાબતે કોઈ બાંધછોડ ન કરવા તાકીદ કરી છે.

દોષનો ટોપલો શ્રમજીવીઓ પર નાંખીને પશ્ચિમ રેલવેના જીએમ પાંડેએ નફ્ફટાઈની હદ વટાવી

સુરતને કાયમ ટ્રેન માટે મુંબઈ તરફ સુધી ભીખ માંગવા જવું પડે છે

સુરતને ડિવિઝન ઓફિસ મળે તો જ વર્ષોથી થતી માથાકૂટનો નિવેડો આવે

સુરતઃ રવિવારે ઉધના રેલવે સ્ટેશને સર્જાયેલી પરિસ્થિતિ બાબતે દોષનો ટોપલો સુરતનાં શ્રમજીવીઓ પર નાંખીને પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર રામાશ્રય પાંડેએ નફ્ફટાઈની હદ વટાવી દીધી હતી. પશ્ચિમ રેલ્વે જાણે સુરતના લોકોને ભાજીમુળા સમજતાં હોય એ રીતે ઉધના રેલવે સ્ટેશને બનેલી ઘટના પર પરદો પાડવાનો નિર્લજ્જ પ્રયાસથી પરપ્રાંતીયોમા ભારે આક્રોશ વ્યાપી ગયો છે. સુરતને કાયમ ટ્રેન માટે મુંબઈ ભીખ માંગવી પડે છે. અમદાવાદ-મુંબઈમાં કેમ આવી કોઈ ઘટના બનતી નથી. એક સમય હતો જ્યારે ભાજપનાં સ્થાનિક નેતાઓ સુરતને થતા અન્યાય સામે આંદોલનો કરતાં, ટ્રેનો અટકાવતા અને ડિવિઝન ઓફિસ માટે જોરદાર માંગ ઉઠાવતા હતાં, આજે એ જ નેતાઓ સત્તામાં હોવા છતાં મૌન ધારણ કરવાથી સુરતનાં લોકો પ્રશ્નો ઉઠાવી રહી છે. રેલવેને કરોડો રૂપિયાનું રેવન્યુ આપતાં સુરત સાથે રેલ મંત્રાલયે હંમેશાં અન્યાય જ કર્યો છે. આજે સત્તાસ્થાને બેઠેલાં ભાજપનાં નેતા હોય કે સુરતમાંથી રેલ મંત્રાલયના મંત્રી રહી ચુકેલાં દર્શનાબેન જરદોષે સુરતની વર્ષો જુની માંગ સુરતને ડિવિઝન ઓફિસ આપવા બાબતે પાવર વખતે કોઈ જ નિર્ણય લીધો ન હતો. સુરત રેલવે

...અનુસંધાન પાના 5 પર

ભાગીદાર જોઈએ છે
સુરતમાં સારો નફો કરતી ચાલુ ફેક્ટરીમાં રોકાણ કરી શકે અને જવાબદારી લઇ શકે તેવા જ ભાગીદારની જરૂર છે.
9825527848

ધી સૂરત પીપલ્સ કો-ઓ. બેન્ક લિ.
સ્થાપના : ૧૯૨૨ મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક
સુરતની જનતાની સેવામાં ૧૦૫ વર્ષથી કાર્યરત
અને તમારા ભરોસાનું પ્રતીક એવી આપણી SPB બેન્ક
105th YEARS ANNIVERSARY
૧૦૫ માં સ્થાપના દિન (તા: ૨૧.૦૪.૧૯૨૨)
મેગા રક્તદાન મહાસપ્તાહ શિબિરની સફળતા
કુલ 8 કેન્દ્ર દ્વારા 1,468 રક્ત યુનિટ એકત્રિત
સર્વ રક્તદાતાઓ, ગ્રાહકો, શેર હોલ્ડર્સ, સ્ટાફ મિત્રો, બોર્ડ ઓફ ડિરેક્ટરર્સ તથા બોર્ડ ઓફ મેનેજમેન્ટ અને સહાયક સંસ્થાઓ
• સુરત રક્તદાન કેન્દ્ર એન્ડ રીસર્ચ સેન્ટર
• ઇન્ડિયન રેડ ક્રોસ બલ્ડ સેન્ટર નવસારી
• જી.આઇ.ડી.સી. લાયન્સ શ્રીમતી પુરીબેન પોપટ લાખા બલડ સેન્ટર
• શ્રી સરદાર સ્મારક હોસ્પીટલ
• વલસાડ રક્તદાન કેન્દ્ર નો
હૃદયપૂર્વક આભાર!
અમિત ગજજર પ્રમુખ | જસ્મીન મહેતા ઉપપ્રમુખ | બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તેમજ બોર્ડ ઓફ મેનેજમેન્ટ
કલ્પેશ શાહ (મેનેજીંગ ડિરેક્ટર)
રજીસ્ટર્ડ/ સેન્ટ્રલ ઓફિસ: 'વસુધારા ભવન', ટીમલીયાવાડ, નાનપુરા, સુરત - ૩૯૫૦૦૧, ફોન.: (+૯૧-૦૨૬૧) ૨૩૮૧૬૦૦, ટોલ ફ્રી નં.: ૧૮૦૦૨૩૩૭૭૨૨,
ઈ-મેઇલ: info@spcbl.in, વેબસાઇટ: www.spcbl.in

બસ સેવા મનપાની મૂળભૂત જવાબદારી, પરંતુ કેમ નિભાવાતી નથી?

અબજોનો ખર્ચ કરવાં છતાં સિટી બસ અસ્વચ્છ, ફાટેલી સીટ, દરવાજા તૂટેલા

સુરતમાં રોજ સિટી બસ, બીઆરટીએસ બસ અને ઈવી બસ મળીને 858 જેટલી બસો દોડે છે, પરંતુ મોટા ભાગની બસના ઠેકાણાં હોતાં નથી

ગંદી બસ અને ડિસ્પ્લેનો અભાવ, અનેક વખત બસ રસ્તામાં બંધ પડી જાય છે

નેતાઓને મતદારો આ પ્રશ્નો જરૂર પૂછે

- શા માટે બસની સેવા નિયમિત હોતી નથી?
- શા માટે બસમાં સીટો અને ટાયરો ફાટેલા હોય છે?
- શા માટે બસમાં દરવાજા ખૂલ્લા હોય છે?
- શા માટે બસને બરાબર

...અનુસંધાન પાના 5 પર

હિસાબ મતનો

બસની હાલત જ એવી હોય છે કે ઉચ્ચ મધ્યમ વર્ગના લોકો તેમાં બેસતાં નથી

સુરતઃ સામુહિક પરિવહન અને તેમાં પણ બસ સેવાએ મહાનગર પાલિકાની મૂળભૂત જવાબદારી છે પરંતુ સુરત મહાપાલિકા એવી મહાપાલિકા છે કે જેણે બસ

...અનુસંધાન પાના 5 પર

- કરોડો રૂપિયા ખર્ચવા છતાં પણ સુરત શહેરમાં ચાલતી બસોની હાલત એવી હોય છે કે ઉચ્ચ મધ્યમવર્ગનો સુરતી ઈચ્છવા છતાં પણ બસમાં બેસી શકતો નથી. મુંબઈ કે અમદાવાદમાં ઉચ્ચ મધ્યમવર્ગ દ્વારા બસનો ઉપયોગ કરવામાં આવે છે. કારણ કે બસની હાલતની સાથે સાથે તેની નિયમિતતા જળવાતી હોય છે. હાલમાં ટ્રાફિકના સમયમાં અનેક સુરતીઓ પોતાના ઘરમાં કાર હોવા છતાં પણ શાંતિથી જે તે સ્થળે જવા માટે બસમાં બેસવા

ચોરી કરીને જ પીએસઆઈ બનનાર કેવી રીતે ચોરને પકડશે?

બેંચ નીચે મોબાઈલ ચોંટાડી PSIની પરીક્ષામાં ચોરી કરનાર પકડાયો!

કોસાડની મધુવન સ્કૂલમાં પરીક્ષા માટે આવેલા અંકલેશ્વરના શિવમ યાદવે પરીક્ષા શરૂ થાય તે પહેલા જ બ્લોકમાં ઘુસીને મોબાઈલ ચોંટાડી દીધો હતો

પરીક્ષા શરૂ થઈ ત્યારે ચેક કરતી વખતે બેંચ નીચેથી મોબાઈલ મળી આવતાં શિવમ ભેરવાઈ ગયો, ગુનો દાખલ

સુરતઃ રાજ્યભરમાં ગત 19મી એપ્રિલના રોજ યોજાયેલી પીએસઆઈ (PSI) ની ભરતી પરીક્ષામાં સુરતમાંથી ચોરીનો એક ચોંકાવનારો કીમિયો સામે આવ્યો છે. પરીક્ષામાં પાસ થવા માટે શોર્ટકટ અપનાવતા એક ઉમેદવારે ગૂગલની મદદ લેવા માટે બેંચ નીચે મોબાઈલ ફોન છુપાવ્યો હતો. જોકે, પરીક્ષા શરૂ થાય તે પહેલા જ કરાયેલી આ 'સ્માર્ટ' ગોઠવણ પર પોલીસની નજર પડી જતાં ઉમેદવારની ખાખી પહેરવાની મુરાદ જેલના સળિયા પાછળ પહોંચી ગઈ છે. સાયબર ક્રાઈમની ટીમે ઉમેદવાર સામે ગુનાહિત પ્રવેશ અને જાહેરનામા ભંગનો ગુનો નોંધી ધરપકડ કરી છે.

અમરોલી-સાયણ રોડ પર કોસાડ ખાતે આવેલી મધુવન ઈન્ટરનેશનલ સ્કૂલમાં પીએસઆઈની પરીક્ષાનું કેન્દ્ર ફાળવવામાં આવ્યું હતું. અહીં અંકલેશ્વરના રાજપીપળા રોડ પર આવેલી ક્રિષ્ના રેસીડેન્સીમાં રહેતો ૨૨ વર્ષીય ઉમેદવાર શિવમ રામકુમાર યાદવ પરીક્ષા આપવા આવ્યો હતો. શિવમે પરીક્ષામાં ગૂગલ સર્ચ કરીને જવાબો લખવાનો માસ્ટર પ્લાન બનાવ્યો હતો. આ પ્લાન મુજબ, પરીક્ષાનો સમય શરૂ થાય તે પહેલા જ તે કોઈને ખબર ન પડે તેમ એક કલાક વહેલો ગેરકાયદેસર રીતે પોતાના

...અનુસંધાન પાના 5 પર

પાંચમી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ

સ્વ. બળવંતરાય શાંતિલાલ રાખડીવાલા
જન્મ. તા. ૨૪-૦૮-૧૯૫૧ – શ્રાવણ વદ આઠમ (જન્માષ્ટમી)
સ્વ. તા. ૨૧-૦૪-૨૦૨૧ – ચૈત્ર સુદ નોમ (રામનવમી)
ના માંગતા બધું આપ્યું તમે, ન કેહતા બધું કર્યું છે તમે, અમારા પ્રેમ અને સંસ્કારનું સિંચન કર્યું છે તમે, કદી પિતાના રૂપે કદી મિત્ર સ્વરૂપે, તમારો હાથ અમારી ઉપર છે સદા આર્શીવાદ રૂપે, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના..
લિ. ગં.સ્વ. મધુબેન બળવંતરાય રાખડીવાલા (ધર્મપત્ની)
ધર્મેશ બળવંતરાય રાખડીવાલા (પુત્ર) | વિમલ બળવંતરાય રાખડીવાલા (પુત્ર)
કિંજલ ધર્મેશ રાખડીવાલા (પુત્રવધુ) | દર્શના વિમલ રાખડીવાલા (પુત્રવધુ)
દિવ્યેન રમેશચંદ્ર કાંટલીવાલા (જમાઈ) | નિમેષ ચંદ્રકાંત કાપડીયા (જમાઈ)
જયશ્રી દિવ્યેન કાંટલીવાલા (પુત્રી) | કાજલ નિમેષ કાપડીયા (પુત્રી)
આર્યન, મહેક, દિયા, ફેરી, આરૂષ, અયાન, કાવ્ય તથા સમસ્ત રાખડીવાલા પરિવાર
• મધુ સીલ્ક ઈન્ડસ્ટ્રીઝ •

સુરતી મોટ વણિક અવસાન

સ્વ. રેખાબેન જગદીશભાઈ લાપસીવાલા
અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે રેખાબેન જગદીશભાઈ લાપસીવાલાનું તા. ૨૦/૦૪/૨૦૨૬ નાં રોજ દુઃખદ અવસાન થયેલ છે.
સદ્ગતની સ્મશાનયાત્રા તા. ૨૧/૦૪/૨૦૨૬ ને મંગળવારનાં રોજ સવારે ૮ કલાકે તેમના નિવાસસ્થાનથી કુરુક્ષેત્ર, જહાંગીરપુરા મુકામે લઈ જવામાં આવશે.
નિવાસસ્થાન: ૨૩૭-૨૩૮, આહુરાનગર સોસાયટી, ભુલકા ભવન સ્કૂલ સામે, અડાજણ, સુરત.
:: પ્રાર્થના સભા ::
લાયન્સ કલબ એ.સી. હોલ, પહેલો માળ, લાલજીનગર પાસે, અડાજણ, સુરત.
તા. ૨૨/૦૪/૨૦૨૬, બુધવાર, સમયઃ સવારે ૯.૦૦ કલાકે
લિ. સ્વ. જગદીશભાઈ રતિલાલ લાપસીવાલા (પતિ)
સ્વ. ઘનસુખભાઈ રતિલાલ લાપસીવાલા (જેઠ)
ગં. સ્વ. ઈન્દુબેન ઘનસુખભાઈ લાપસીવાલા (જેઠાણી)
નોવિલ જગદીશભાઈ લાપસીવાલા (પુત્ર) | જેનિશ નોવિલ લાપસીવાલા (પુત્રવધુ)
મયુર જગદીશભાઈ લાપસીવાલા (પુત્ર) | સ્વીટી મયુર લાપસીવાલા (પુત્રવધુ)
તેજસ જગદીશભાઈ લાપસીવાલા (પુત્ર) | તન્વી તેજસ લાપસીવાલા (પુત્રવધુ)
અનુ, ઘરવ, દર્શિલ, શ્રેયા, શ્રેષ્ઠા (પૌત્ર / પૌત્રી)
તથા સમસ્ત લાપસીવાલા પરિવાર

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
₹૧૮૦૦/-	₹૧૫૦૦/-	₹૨૫૦૦/-

ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨	છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
	₹૪૫૦૦/-	₹૩૦૦૦/-	₹૫૨૦૦/-

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

પાંચમી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાજંલિ
તમો એક પળમાં જુદંગીનું સંભારણું છોડી ગયા, જુંદગી હતી ટુંકી પણ લાગણીઓ અપાર મુકી ગયા. સ્તબ્ધ થઈ જુંદગી અમારી તમારા વગર, પરમકૃપાળુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.
સ્વ. પ્રવિણાબેન સન્મુખભાઈ પટેલ
સ્વ.તા. ૨૧.૪.૨૦૨૧
લિ. નગીનભાઈ હીરાભાઈ પટેલ | ઉષાબેન નગીનભાઈ પટેલ
કિરીટભાઈ નગીનભાઈ પટેલ | મિનાક્ષીબેન કિરીટભાઈ પટેલ
હેમંતભાઈ નગીનભાઈ પટેલ | મોનિકાબેન હેમંતભાઈ પટેલ
કિશોરભાઈ ઈન્દરભાઈ પટેલ (સરસાણા) | મંજુલાબેન કિશોરભાઈ પટેલ
મહેશભાઈ કંચનભાઈ પટેલ (ભીમરાડ) | કપીલાબેન મહેશભાઈ પટેલ
સ્મિત, શ્લોક, શ્રીવા
સ્વ. હીરાભાઈ રામજીભાઈ પટેલ તેમજ સમસ્ત પરિવાર
નવી વસાહત-૨, બમરોલી ગામ, સુરત.

શતમ્ તીવમ શરદ
૧૦૦મી હાર્દિક સ્મરણાંજલી
કૂલની ફોરમની જેમ આપની યાદો હંમેશા અમારા હૃદયમાં મહેકતી રહેશે. આપનો પ્રેમાળ સ્વભાવ- લોક સેવાની ભાવના સતત લોકહિતાર્થે જોડાયેલું આપનું વિશાળ હૃદય અમો સૌ માટે ચિર સ્મરણીય અને પ્રેરણાદાયી બની રહેશે. આપના દિવ્ય આત્માને પ્રભુનાં ચરણોમાં સ્થાન મળે એવી વિભુ વંદના.
સ્વ. નગીનદાસ મગનલાલ રાઠોડ
જ.તા. ૨૧-૦૪-૧૯૨૭
પુત્ર દિલીપ નગીનદાસ રાઠોડ (સીનીયર એડવોકેટ)
પુત્રવધૂ અસૌ. યોગિનીબેન દિલીપ રાઠોડ
પૌત્ર. તપન દિલીપ રાઠોડ
પૌત્ર. પ્રતિક દિલીપ રાઠોડ
પૌત્રવધૂ અ.સૌ. ભૂમિકાબેન તપન રાઠોડ
પપૌત્ર કિશીવ તપન રાઠોડ
ના જય ગણેશ

પ્રથમ પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ
સ્નેહની ફૂંક ગઈ, સ્મૃતિ માત્ર રહી ગઈ,
નજર સામે હતા તમે, હવે તસ્વીર માત્ર રહી ગઈ,
આપનું વાત્સલ્ય, આપનો સ્નેહ,
આપનું સ્મિત અમારા જીવનનું સંભારણું બનીને રહી ગઈ.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના.
સ્વ. ચંપકભાઈ ઠાકોરભાઈ પટેલ
સ્વ. તા. ૨૧/૦૪/૨૦૨૫
ગં.સ્વ.સુશીલાબેન ચંપકભાઈ પટેલ (પત્ની)
શૈલેષભાઈ ચંપકભાઈ પટેલ (પુત્ર) | નિમેષભાઈ રમણભાઈ પટેલ (જમાઈ)
વિલાસીનીબેન શૈલેષભાઈ પટેલ (પુત્રવધુ) | ભાવનાબેન નિમેષભાઈ પટેલ (પુત્રી)
અરવિંદભાઈ ચંપકભાઈ પટેલ (પુત્ર) | ધ્રુવકુમાર નિમેષભાઈ પટેલ(ભાણેજ)
પ્રથમકુમાર શૈલેષભાઈ પટેલ (પૌત્ર) | કૃતિક નિમેષભાઈ પટેલ(ભાણેજ)
વંશકુમાર શૈલેષભાઈ પટેલ (પૌત્ર)
કુંભાર ફળિયુ, જીઆવ ગામ, સુરત

૧૧મી માસીક શ્રધ્ધાંજલિ
ના માંગતા બધું આપ્યું તમે, ન કેહતા બધું કર્યું છે તમે,
અમારા પ્રેમ અને સંસ્કારનું સિંચન કર્યું છે તમે,
કદી પિતાના રૂપે તો કદી મિત્ર સ્વરૂપે,
તમારો હાથ અમારી ઉપર છે, સદા આર્શીવાદ રૂપે,
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રભુને પ્રાર્થના.
સ્વ. રણછોડભાઈ ધનજીભાઈ પટેલ
સ્વ.તા: ૨૧/૦૫/૨૦૨૫
લિ. સ્વ. રતુબેન રણછોડભાઈ પટેલ
ગં.સ્વ. સવિતાબેન રણજીતભાઈ પટેલ(મગદલ્લા)
ભાનુબેન અમરતભાઈ પટેલ(મગદલ્લા)
સ્વ. હેમલતાબેન રણછોડભાઈ પટેલ
સુધાબેન હરીશભાઈ પટેલ(પીપલોદ)
તારાબેન હરીશભાઈ પટેલ(ભરથાણા)
દેવીલાબેન ગીરીશભાઈ પટેલ(ખજોદ)
સ્થળ : પ્લોટ નં, A-43, પરસોત્તમ નગર સોસાયટી, અલથાણ ગાર્ડનની પાછળ, અલથાણ, સુરત.